**DATE: 07/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-10**

# આંબોલીમાં ચોરીના બે આરોપી ઝડપાયા

અંકલેશ્વરઃ અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસે આંબોલી ગામની સીમમાં ગુજરાત ગેસ કંપની નજીક બુલેટ ટ્રેન પ્રોજેક્ટના પીલ્લર બનાવવા માટે મૂકેલા રૂ.92 હજારના સામાનની ચોરીમાં સંડોવાયેલા બે ઈસમ આંબોલીના મુકેશ માનસન વસાવા અને વાલ્મીકિ વસાવાને ઝડપી પાડ્યા હતા.

**DATE: 07/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-08**

### જંબુસર પોલીસના પેટ્રોલિંગ દરમિયાન

# દેવલા ગામેથી મળેલા યુવકનો પરિવાર સાથે મેળાપ કરાવ્યો

। જંબુસર ।

જંબુસર શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમા છેલ્લા ઘણા દિવસોથી ચોર આવ્યાની બુમોને લઈને ચાલી રહેલ ભયના માહોલ વચ્ચે પ્રજાજનો ડરના માર્યા આખી રાત જાગી રહ્યા છે.

જંબુસર ડીવીઝનના વિભાગીય પોલીસ અધિક્ષક પી.એલ ચૌધરીની સુચના અન્વયે પોલીસ ઈન્સ્પેક્ટર એ.વી.પાણમીયાના માર્ગદર્શન હેઠળ પોલીસ ગ્રામ્ય વિસ્તારમા પેટ્રોલિંગ હતા અને મોડી રાત્રે દેવલા ગામ નજીક થી પસાર થતા હતા ત્યારે રસ્તા ઉપર એક અસ્થિર મગજનો ઈસમ ચાલતો જણાઈ આવતા તેને પોલીસ મથકે લાવી ને પુછપરછ કરી હતી પરંતુ તેણે કાઈ ન જણાવતા તેના હાથમા પેન તથા કાગળ આપતા તેણે કાગળ ઉપર હિન્દી ભાષામા પોતાનું નામ ઉમેશભાઈ માણેકપુરી રહે,સિરગુલી ગામ, તા.જી. બિલાયગઢ, છત્તીસગઢ નો હોવાનું લખી ને જણાવેલ હતુ.જેના આધારે જંબુસર પોલીસે છત્તીસગઢ ખાતે તપાસ કરાવતા યુવાનના મોટાભાઈ રાજનદાસ ખિકદાસ માણેકપુરી નો ટેલીફોનીક સંપર્ક થતા તેને પોલીસે હકીકત જણાવતા આજરોજ તેઓ જંબુસર પોલીસ મથકે આવી પહોંચતા તેઓનો તેમના અસ્થિર મગજના ભાઈ સાથે મેળાપ કરાવીને સુપ્રત કર્યો હતો.

**છત્તીસગઢ ખાતેથી યુવકના ભાઈને બોલાવાયો હતો**

# અપહરણના ગુનામાં ફરાર આરોપી ઝડપાયો

ભાસ્કરન્યૂઝ | આમોદ

કરજણ તાલુકાના વલણ ગામનો આઠ વર્ષની બાળકીના અપહરણના ગુનામાં ફરાર આરોપીને આમોદ પોલીસે ઝડપી પાડયો છે. નટ્ટુ શંકર રાઠોડ (ઉવ.48)ના સામે કરજણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. ગુનો આચર્યા બાદથી આરોપી ફરાર થઇ ગયો હતો. આમોદ પીઆઇ તથા પીએસઆઇને આરોપી વિશે ચોકકસ માહિતી મળતાં તેને ઝડપી લીધો હતો. આરોપી અત્યાર સુધી કયાં નાસતો ફરતો હતો અને શું કરતો હતો પોલીસ મેળવી રહી છે.

**DATE: 08/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### ઉત્તરવહી તપાસવાના બહાને રવિવારે ક્લાસીસ પર બોલાવી છેડતી કરી હતી

# અંકલેશ્વરમાં કોલેજિયન યુવતીને ચુંબન કરી લેનારો ટ્યુશન સંચાલક પોલીસ સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



અંકલેશ્વરમાં સપ્લીમેન્ટરી લેવાના બહાને યુવતીને ક્લાસીસ પર બોલાવી ચુંબન કરી લેનારો ભરૂચનો શિક્ષક પોલીસ સકંજામાં આવ્યો છે. આરોપી શિક્ષકને સાથે રાખી પોલીસે ટ્યુશન ક્લાસ સહિતના સ્થળોએ તપાસ કરી હતી. ગુરુ ક્લાસીસનો સંચાલક નીતિન ચૌહાણ વિદ્યાર્થીઓનો દર સપ્તાહે યુનિટ ટેસ્ટ લેતો હોય છે. વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓ તપાસવાનું કામ તે કોલેજમાં ભણતી છાત્રા પાસે કરાવડાવે છે. રવિવારના રોજ સાંજના સમયે છાત્રાને તેણે ક્લાસીસ પર બોલાવી હતી. અને તે ઉત્તરવહી તપાસી રહી હતી તે સમયે તેણે તેને બળજબરીથી ચુંબન કરી લીધું હતું. શિક્ષકની કરતૂતથી ડઘાઈ ગયેલી કોલેજીયન યુવતી તેને ધક્કો મારીને ક્લાસીસમાંથી ભાગી છૂટી હતી અને પોલીસ ફરિયાદ નોંધાવી હતી. શહેર પોલીસ બે દિવસથી આરોપીને શોધી રહી હતી આખરે બાતમીના આધારે આરોપીને ઝડપી પાડયો હતો. આરોપીને લઈને ટ્યુશન ક્લાસીસ સહિતના સ્થળે તપાસ કરવામાં આવી હતી. રવિવારે બનેલી ઘટના બાદથી શિક્ષક ફરાર થઈ ગયો હતો. પોલીસે તેને ઝડપી પાડવા માટે ભરૂચ સુધી તપાસનો દોર લંબાવ્યો હતો. પોલીસને આરોપી ગડખોલ પાટીયા વિસ્તારમાં હોવાની માહિતી મળતાં દરોડો પાડી તેને ઝડપી લીધો હતો. આરોપીની વધુ પૂછપરછ પોલીસ કરી રહી છે.

**DATE: 08/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### અંકલેશ્વરના યોગી એસ્ટેટ પાસે પકડાયો

# વલસાડના પારડીથી ચોરાયેલી બાઈક સાથે રીઢો તસ્કર ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસી.પોલીસે વલસાડમાંથી થયેલી ચોરીની બાઈક સાથે યોગી એસેટ પાસે રીઢા ચોરને ઝડપી પાડ્યો હતો. યોગી એસ્ટેટ ચાર રસ્તા પાસે ચાના ગલ્લા નજીક શંકાસ્પદ ઈસમ બાઈક સાથે ઉભો હોવાની બાતમી પોલીસને મળી હતી. પોલીસે દરોડો પાડી યુવાનને કોર્ડન કરી તેની પૂછપરછ કરી હતી.

જેમાં તેણે પોતે સુરતના સીંગણપોરની ઝૂંપડપટ્ટી માં રહેતો મહારુ પરમાર હોવાની કબુલાત કરી હંતી. તેની પાસે રહેલી બાઈક તેણે વલસાડના પારડી ખાતેથી ચોરી કરી હોવાનું પોલીસને જણાવ્યું હતું. આ ઉપરાંત તેણે એક વર્ષ પહેલા અંકલેશ્વરની પીયુષ કંપનીમાંથી તેના બનેવી તેમજ પિતરાઈ ભાઈ સાથે મળી ચોરીની ઘટનાને અંજામ આપ્યો હોવાની પણ કબૂલાત કરી હતી. પોલીસે તેના નિવેદનો નોંધ્યાં હતાં. પોલીસે હાલમાં તેની પાસેથી ચોરીની બાઈક કબજે કરી વધુ તપાસ માટે આરોપીને પારડી પોલીસના હવાલે કરવાની તજવીજ હાથ ધરી છે.

**DATE: 08/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

# અંકલેશ્વરમાં પ્રોહિબિશનના ત્રણ ગુનામાં વોન્ટેડ આરોપીની ધરપકડ

અંકલેશ્વર તા. ૭

અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસે પ્રોહિબિશનના ત્રણ જેટલા ગુનાઓમાં ફરાર આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. અંકલેશ્વર તાલુકાના માંડવા ગામે વિદેશી દારૂના વેપલામાં કુખ્યાત આરોપી ફરી રહ્યો છે તેવી બાતમીને આધારે બી ડિવિઝન પોલીસે રીઢા આરોપી અરવિંદ વસાવાની ધરપકડ કરી હતી. ઝડપાયેલ આરોપી ભરૂચ શહેર સી ડિવિઝનના ૧ તેમજ અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ મથકના ૨ પ્રોહિબિશનના ગુનામાં વોન્ટેડ હતો. આરોપી સામે અગાઉ અંકલેશ્વર,નેત્રંગ અને વાલિયામાં પ્રોહીબિશનના અલગ અલગ ૭ ગુના નોંધાઇ ચુક્યા છે. પોલીસે આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 09/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# ભરૂચ શહેરમાં બૂટલેગરના ઘરમાંથી દારૂ જપ્ત

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

તોપોર બજાર ખાતે રહેતો મોહંમદ ઈફ્તેખાર ઉર્ફે અડુબાપુ તેના ઘરે વિદેશીદારૂનો જથ્થો રાખી વેચાણ કરે છે તેવી બાતમી બી ડિવિઝન પોલીસને મળતાં દરોડો પાડવામાં આવ્યો હતો. પોલીસને જોઈ તે ભાગવા લાગ્યો હતો પણ તેને ઝડપી લેવાયો હતો. તેના ઘરની તલાશી લેવામાં આવતાં ગેલેરીમાં રાખવામાં આવેલી બેગમાંથી દારુની બોટલો તથા બિયરના ટીન મળી આવ્યાં હતાં. પોલીસે 50 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. બી-ડિવિઝન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

**DATE: 09/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-04**

### ફોનમાં વાત કરતા લોકોને નિશાન બનાવતા હતા

# અંકલેશ્વરમાં મોબાઈલની ચોરી કરતા ૪ આરોપીઓની ધરપકડ

। અંકલેશ્વર ।

અંકલેશ્વરમાં ચાલુ બાઈકે અથવા રોડ પર ચાલતા સમયે મોબાઈલ પર ફોન કરતા લોકોના મોબાઈલની ચોરી કરતા ચાર આરોપીઓની પોલીસે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અંકલેશ્વર બી ડીવીઝન પોલીસ ઈન્સપેક્ટર વિ.કે.ભુતીયાનાં માર્ગદર્શન હેઠળ સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. તે દરમિયાન પોલીસ મથકના મોબાઈલ ફોન સ્નેચીંગના બે ગુનામા સંડોવાયેલ ઝઘડિયા તાલુકાના માલપોર ગામના તળાવ ફળિયામાં રહેતો પરેશ કાભાઈ વસાવા, દક્ષેશ સુમનભાઈ વસાવા અને સતીષ ઉર્ફે ગીરીશ રાજુભાઈ વસાવા તેમજ ગોલુકુમાર ચતુરી દાસ સહીત એક લબર મૂછિયાને ઝડપી પાડી પાડ્યો હતો.

ઝડપાયેલા આરોપીઓ ચાલુ બાઈકે અને રોડ ઉપર ચાલતા ફોનમાં વાત કરતા લોકોને જ નિશાન બનાવતા હોવાની ટેવ ધરાવે છે. જેઓની પોલીસે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 09/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

# ભડકોદ્રા ગામમાં રાજસ્થાનમાં ચોરી થયેલી બાઈક સાથે યુવક ઝડપાયો

અંકલેશ્વર તા. ૮

ભરૂચ એસ.ઓ.જીએ અંકલેશ્વરના ભડકોદ્રા ગામની મંગલમ સોસાયટી પાસેથી રાજસ્થાનના કરધની પોલીસ મથકમાંથી ચોરી થયેલ બાઈક સાથે એક ઈસમને ઝડપી પાડ્યો હતો.

ભરૂચ એસ.ઓ.જીનો સ્ટાફ અંકલેશ્વર જી.આઈ.ડી.સી.માં પેટ્રોલીંગમાં હતો.તે દરમિયાન બાતમી મળી હતી કે રાજસ્થાનના જયપુર જીલ્લાના કરધની પોલીસ મથકમાં વાહન ચોરીના ગુનામાં સંડોવાયેલ ઈસમ ગુજરાત પાસીંગની નંબર પ્લેટ લગાવી જી.આઈ.ડી.સી.માં ફરે છે.જેવી બાતમીના આધારે પોલીસે અંકલેશ્વરના ભડકોદ્રા ગામની મંગલમ સોસાયટી પાસે વોચ ગોઠવી હતી તે દરમિયાન બાતમી વાળો ઈસમ આવતા પોલીસે તેને અટકાવી બાઈક અંગેના દસ્તાવેજો માંગતા તેણે સંતોષકારક જવાબ નહિ આપતા પોલીસે તેની વધુ પુછપરછ કરતા તેણે આ બાઈક રાજસ્થાનના આસિન્દ ભીલવાડા ખાતેથી તેના મિત્ર પાસેથી રૂ.૨૧ હજારમાં ખરીદી કરી હોવાની કબુલાત કરી હતી.પોલીસે પટેલ પાર્ક એપાર્ટમેન્ટમાં રહેતો શ્રવણલાલ જગદીશ ગુજ્જરને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 10/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-08**

# ઝઘડિયાના તલોદરામાં 12 હજારના વિદેશી દારૂ સાથે ત્રણ ઝડપાયા

**બાતમીને** આધારે જીઆઈડીસી પોલીસની કાર્યવાહી, બાઈક સહિત 83 હજારનો મુદ્દામાલ જપ્ત

ઝઘડિયાઃ ઝઘડિયાના તલોદરા પાસેથી પોલીસે વિદેશી દારૂના જથ્થા સાથે ત્રણ ઈસમોને ઝડપી લીધા હતા.

તા.8મીના રોજ ઝઘડિયા જીઆઈડીસી પોલીસને પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે, તલોદરા ગામે નવી નગરીથી કડવા તળાવ જવાના રસ્તા પર નહેર પાસે ત્રણ ઈસમો મોટરસાયકલ સાથે વિદેશી દારૂ લઈને ઉભા છે. પોલીસે તાબડતોબ પહોચી જઈને ત્રણ ઈસમો પાસેથી 24 નંગ વિદેશી દારૂની બોટલ મળીને કિંમત રૂ.12012/- બે મોબાઈલ કિંમત રૂ.16000/- અને બે મોટર સાઈકલ રૂ.55000/- મળીને કુલ રૂ.83012/- મત્તાનો મુદામાલ કબજે કર્યો હતો.

પોલીસે જયેશ વસાવા (રહે. તલોદરા), રાહુલ વસાવા (રહે. સારંગપુર) તેમજ વિશાલ વસાવા (રહે.સારંગપુર)ના વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 11/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

### ભરૂચ જિલ્લામાં તહેવારોમાં

# કાયદો વ્યવસ્થા જાળવવા જાહેરનામાના ભંગના ૨૦૩ જેટલા કેસ કરાયા

ભરૂચ તા.૧૦

ભરૂચ જિલ્લામાં તહેવારોમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવાઈ રહે તે માટે ઓદ્યોગિક વિસ્તાર સહિત વિવિધ સ્થળે પોલીસ વિભાગ દ્વારા સઘન ચેકીંગ હાથ ધરી જાહેરનામા ભંગના ૨૦૩ કેસ કરવામાં આવ્યા છે.

## જલ્લા પોલીસ દ્વારા ઔદ્યોગિક વસાહતમાં પડાવો નાખી વસવાટ કરતા પરપ્રાતીય મજૂરોનું સઘન ચેકિંગ

હાલમાં નવરાત્રીનો તહેવાર ચાલી રહ્યો છે.ગંભીર પ્રકારના બનાવો ન બને તેની તકેદારીના ભાગરૂપે અને ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા ઔદ્યોગિક વસાહતમાં પડાવો નાંખી વસવાટ કરતા પરપ્રાંતીય મજુરોનુ સઘન ચેકીંગ કરવામાં આવ્યું હતું.આ ચેકીંગ દરમ્યાન કોન્ટ્રાકટરો દ્વારા પોલીસ વેરીફીશન ન કરાવેલ હોય તેમજ મકાન માલીકોએ ભાડા કરાર નોંધણી ન કરવાવાળા વિરૂધ્ધ જાહેરનામા ભંગના કુલ- ૨૦૩ કેસો તથા શંકાસ્પદ ઈસમોના બી- રોલ - ૩૧૪ ભરવાની કામગીરી ભરૂચ પોલીસ દ્વારા કરવામાં આવેલ છે. ભરૂચ પોલીસ દ્વારા જિલ્લાના ૧૯ પોલીસ મથકમાં જાહેરનામા ભંગના કુલ ૨૦૩ કેસ કર્યા છે.સૌથી વધુ કેસ ઔદ્યોગિક વસાહત ધરાવતા દહેજ અને અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ મથકમાં નોંધાયા છે. આગામી દિવસોમાં દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખી પોલીસ દ્વારા આ પ્રકારની કામગીરી ચાલુ જ રાખવામાં આવનાર છે.

\

**DATE: 11/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### કરજણના કંડારીનો શખ્સ આપી ગયો હતો

# શુક્લતીર્થ ગામે 3.23 લાખના દારૂ સાથે બૂટલેગર સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ તાલુકાના શુક્લતીર્થ ગામે રહેતાં બૂટલેગરે તેના ખેતરમાં વિદેશીદારૂનો જથ્થો સંતાડ્યો હોવાની બાતમીના આધારે નબીપુર પોલીસે દરોડો પાડી 3.23 લાખના દારૂ સાથે બૂટલેગરને ઝડપી પાડ્યો હતો.

ભરૂચ તાલુકામાં આવેલાં શુક્લતીર્થ ગામે રહેતો કાર્તિક સુરેશ પટેલ વિદેશીદારૂનો વેપલો કરતો હોવાની તેમજ તેણે તેના ખેતરમાં દારૂનો મોટો જથ્થો સંતાડ્યો હોવાની ચોક્કસ બાતમી નબીપુર પોલીસને મળી હતી. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડતાં કાર્તિક પટેલ ત્યાંજ મળી આવ્યો હતો. ખેતરમાં તપાસ કરતાં અલગ અલગ સફેદ પ્લાસ્ટીકની કોથળીઓમાં કુલ 3.27 લાખની મત્તાની અલગ અલગ બ્રાન્ડની વિદેશીદારૂની બોટલો મળી આવી હતી. ટીમે તે અંગે પુછપરછ કરતાં કરજણ તાલુકાના કંડારી ગામનો પરેશ કાતી નામનો બૂટલેગર તેને દારૂનો જથ્થો આપી ગયો હતો.

**DATE: 11/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-08**

### મુલેરથી દેનવા માર્ગ પર ONGCની વેલ પર ચોરી થઈ હતી

# આછોદથી ૧૧ તસ્કરો રૂા.૧૫ લાખના મુદ્દામાલ સાથે ઝડપાયા

### આઈશર તેમજ છોટા હાથી ટેમ્પો જપ્ત : એક ચોરીનો ભેદ ઉકેલાયો

। વાગરા ।

વાગરા પોલીસે આઈશર ટેમ્પોમાં ચોરીના લોખંડના પાઈપો લઈ જતા નવ આરોપીઓને ૧૧ લાખ ઉપરાંતના મુદ્દામાલ સાથે ઝડપી પાડી પાઈપ ચોરીનો ભેદ ઉકેલી કાઢયો હતો. જયારે ગુનામાં સંડોવાયેલા વધુ ત્રણ આરોપીઓને પોલીસે વોન્ટેડ જાહેર કર્યા હતા. તો બીજી તરફ પોલીસે શંકાસ્પદ ભંગારના જથ્થા સાથે બે આરોપીઓને ચાર લાખથી વધુના મુદ્દામાલ સાથે ઝડપી પાડી કાયદેસરની તપાસ હાથ ધરી હતી.

વાગરા પોલીસ સ્ટાફના માણસો વિસ્તારમાં સતત પેટ્રોલીંગ કરી રહ્યા હતા તે દરમ્યાન માહિતી મળી હતી કે, શંકાસ્પદ લોખંડના પાઈપ ભરેલ આઈશર ટેમ્પો મુલેર નજીકથી પસાર થવાનો છે. માહીતી મળતા જ પોલીસ વોચમાં ગોઠવી હતી. મળેલ માહિતી મુજબનો આઈશર ટેમ્પો આવતા જ પોલીસે તેને અટકાવી તપાસ કરતા તેમાંથી લોખંડની પાઈપો મળી આવી હતી. જેના આધાર પુરાવા માંગતા હાજર લોકો તે રજુ કરી શકયા ન હતા. જેથી પોલીસે મુદ્દામાલ કબ્જે લઈ આછોદ ગામના કુલ ૭ આરોપીઓની અટક કરી ૩ લોકોને વોન્ટેડ જાહેર કર્યા હતા.

ઝડપાયેલા આરોપીઓની ઉંડાણપુર્વક પુછપરછ દરમ્યાન જણાવ્યુ હતુ કે, મુલેરથી દેનવા માર્ગ પર આવેલ ઓએનજીસીની વેલ નંબર ૧૪૨ ઉપરથી રાત્રિના સમયે વેલ્ડીંગ કરેલ પાઈપને ગ્રાઈન્ડર કટર મશીનથી કાપી લોખંડના ૪૬ નંગ પાઈપ ચોરીની ઘટનાને અંજામ આપ્યો હતો. પોલીસે ૪૬૦૦ કિલોગ્રામ વજનના ૪૬ નંગ લોખંડના પાઈપ જેની આશરે કિંમત રૂા.૧,૮૪,૦૦૦, એક આઈશર ટેમ્પો જેની આશરે કિંમત રૂા.૧૦ લાખ તથા જનરેટર, ગ્રાઈન્ડર મશીન, આરી તેમજ બ્લેડ સહિતનો ચોરીમાં વપરાયેલ સામાન જેની આશરે કિંમત રૂા.૧૨૭૦૦ મળી કુલ રૂા.૧૧,૯૬,૭૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસે પાઈપ ચોરીમાં સંડોવાયેલા સાત આરોપીઓની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી જયારે ત્રણ આરોપીઓને વોન્ટેડ જાહેર કર્યા હતા.

અન્ય એક કિસ્સામાં વાગરા પોલીસે બાતમીના આધારે કેશવાણ ગામની ચોકડી ઉપર વોચ ગોઠવી હતી. તે દરમ્યાન એક છોટા હાથી ટેમ્પોને અટકાવી તેની તલાશી લેતા તેમા લોખંડની પાઈપો જણાઈ આવી હતી. મુદ્દામાલ અંગે પોલીસે જરૂરી પુરાવા માંગતા હાજર ઈસમો રજુ કરી શકયા ન હતા. પોલીસે મુદ્દામાલ ચોરીનો હોવાની શંકાએ હાજર બે ઈસમોની અટકાયત કરી હતી. પોલીસે રૂા.૪,૧૮,૬૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. વાગરા પોલીસે જાવીદ અબ્દુલ્લા પટેલ તેમજ આસિફ ઈબ્રાહીમ પટેલ બંને રહે.આછોદ નાઓની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, આ પહેલા ચોરીના મુદ્દામાલ સાથે પોલીસે આછોદ ગામના નવ આરોપીઓને ઝડપી જેલ ભેગા કર્યા હતા. ત્યાં જ આછોદ ગામના જ વધુ બે આરોપીઓ શંકાસ્પદ મુદ્દામાલ સાથે પોલીસના હાથે આબાદ ઝડપાઈ ગયા હતા.

#### ઝડપાયેલ આરોપીઓ

- જગદીશ માનસિંગ વસાવા, રહે.આછોદ
- અલ્તાફ અલ્લી વોરાપટેલ, રહે.આછોદ
- ઈરફાન અહેમદ પટેલ, રહે.આછોદ
- આસિફ મુસ્તાક વોરાપટેલ, રહે.આછોદ
- સંદીપ મફત વસાવા, રહે.આછોદ
- અશોક જંડા વસાવા, રહે.આછોદ
- રમેશ અમરસંગ વસાવા, રહે.આછોદ
- મનોજ ગોપાલ વસાવા, રહે.આછોદ
- સંજય રતિલાલ વસાવા, રહે.આછોદ

#### વોન્ટેડ આરોપીઓ

- ઈમ્તિયાઝ એહમદ દેડા, રહે.આછોદ
- ઈકબાલ નિજામ પઠાણ, રહે.આછોદ
- ઝુબેર ઉર્ફે મિલી બુચિયા, રહે.આછોદ

**DATE: 12/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### 6 ટીમ બનાવી 54 ગોડાઉન સહિત 10 અવાવરુ જગ્યાઓની તપાસ, 50થી વધારે કેસ કરાયાં

# અંકલેશ્વરમાં પરપ્રાંતીય વિસ્તારોમાં પોલીસની ગાજ વરસી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

વડોદરાના ભાયલીમાં અવાવરૂ જગ્યા પર મિત્ર સાથે બેઠેલી સગીરા પર ગેંગરેપ થયો હતો. ભરૂચ બાદ હવે અંકલેશ્વરના પરપ્રાંતિય વિસ્તારોમાં પોલીસે કોમ્બિંગ શરૂ કર્યું છે. 6 ટીમની મદદથી પોલીસે વિવિધ વિસ્તારોમાં તપાસ કરી હતી જેમાં 54 ગોડાઉન તથા 10 અવાવરૂ જગ્યાઓ પણ તપાસવામાં આવી હતી. હાલના તબક્કે કઇ વાંધાજનક મળ્યું નથી પણ જાહેરનામા ભંગ સહિતના કેસો કરવામાં આવ્યાં છે.

વડોદરામાં ઉત્તરપ્રદેશથી મજૂરી કરવા આવેલાં કારીગરોએ સગીરા પર ગેંગરેપ કર્યો હતો. આ ઘટના બાદ સુરતના માંગરોળ પાસે પણ ગેંગરેપ થયો હતો જેમાં પણ પરપ્રાંતિયોની સંડોવણી બહાર આવી છે. ભરૂચની અંકલેશ્વર, પાનોલી અને દહેજ જીઆઇડીસીમાં પરપ્રાંતિયો કામ કરતાં હોવાથી પોલીસે તકેદારીના પગલાં ભરવાનું શરૂ કરી દીધું છે. જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનના 4 પીઆઇ, 9 પીએસઆઇ તથા 69 પોલીસ કર્મચારીઓની જુદી- જુદી કુલ 06 ટીમો બનાવી મીરાનગર, લક્ષ્મણ નગર, બાપુનગર, સારંગપુર તથા ઔદ્યોગિક વિસ્તારમાં કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યું હતું જેમાં જાહેરનામા ભંગના 33 કેસ, એમ.વી.એક્ટ મુજબ 21 વાહન જપ્ત કરવામાં આવ્યા હતા. પ્રોહિબિશનના 11 કેસ કરવામાં આવ્યા હતા તો 54 ગોડાઉનની ચકાસણી કરવામાં આવી હતી.10 અવાવરું જગ્યા પર તપાસ કરવામાં આવી હતી.



અંકલેશ્વરમાં તહેવારોના સમયમાં પરપ્રાંતીય વસાહતોમાં પોલીસે તપાસ કરી હતી.

**DATE: 12/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### ઓએનજીસીની અંકલેશ્વરથી કોયલી જતી પાઇપમાં સીતપોણ નજીક ભંગાણ પાડવામાં આવ્યું

# ભરૂચમાં કાળા તેલનો કાળો કારોબાર, લાઈનમાં પંકચર પાડીને ક્રૂડ ઓઈલ ચોરી કરવાનું કૌભાંડ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લામાં ઓએનજીસીના ખનીજતેલના કુવાઓ આવેલાં છે અને આ કુવાઓમાંથી ખનીજતેલ (કાળા તેલ)ને કોયલીની રીફાઈનરીમાં મોકલવામાં આવતું હોય છે. ઓઈલચોરો પાઈપ લાઈનમાં પંકચર પાડી તુટેલી જગ્યાએ વાલ્વ બેસાડીને ઓઈલની ચોરી કરતાં હોય છે. ભુતકાળમાં ઓઈલચોરી દરમિયાન પાઈપ લાઈનમાં ભીષણ આગ લાગવાના બનાવો પણ બની ચુક્યાં છે. સિતપોણ ગામની સીમમાંથી પસાર થતાં સીટીએફ અંકલેશ્વરથી કોયલી રિફાયનરીમાં જતી ઓએનજીસી ક્રુડ ઓઈલની પાઈપ લાઈનમાં પંક્ચર કરી ઓઈલ ચોરી કરવાનું કૌભાંડ ભરૂચ એસઓજીની ટીમે ઝડપી પાડ્યું છે.

ભરૂચ એસઓજીની ટીમ નબીપુર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે વેળાં ચોક્કસ બાતમી મળી હતી કે, સિતપોણ ગામની સીમમાંથી પસાર થતી અંકલેશ્વર સીટીએફથી કોયલી રિફાયનરી સુધીની ઓએનજીસીની પાઈપ લાઈનમાં પંક્ચર પાડી તેમાં વાલ્વ બેસાડી ક્રુડ ઓઈલની ચોરી થાય છે. ચોરીનો આખો કારસો આમોદના આછોદ ગામના ઈકબાલ નિઝામ પઠાણ, ઈમ્તિયાઝ ઉર્ફે દેડકો એહમદ પટેલ તેમજ સઈદ ઉર્ફે બટકો અહદ તેમજ નવીનગરીમાં રહેતો સંજય રતિલાલ વસાવા અને રમેશ અમરસંગ વસાવા અંજામ આપતાં હતાં. તેઓએ ચોમાસા પહેલાં ત્રણેકવાર ત્યાંથી ક્રુડ ઓઈલની ચોરી કરી છે. જેથી ટીમે સ્થળ તપાસ કરી પાઈપલાઈન પંક્ચર કરેલી જગ્યાને શોધ્યાં બાદ આરોપીઓને ઝડપી પાડવાની કવાયતહાથ ધરી હતી. જોકે, તે પૈકીના બે રમેશ તેમજ સંજય પોલીસના હાથે ચઢી જતાં ટીમે બન્નેની ધરપકડ કરી પુછપરછ કરતાં તેમણે ઓઈલ ચોરીની કબુલાત કરી હતી. ઉપરાંત ઉમેર્યું હતું કે, ઈકબાલ, ઈમ્તિયાઝ તેમજ સઈદ ઓઈલ ચોરી કરાવતાં હતાં. ટીમે બન્નેને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મેળવવાની કવાયત હાથ ધરી છે.



## ઈકબાલ અને ઈમ્તિયાઝ અગાઉ પણ ઓઈલ ચોરીમાં પકડાયાં હતા

એસઓજીની ટીમે આરોપીઓની પુછપરછ કરતાં ઈકબાલ તેમજ ઈમ્તિયાઝ મુખ્યસુત્રધાર હોવાનું માલુમ પડતાં તેમના ગુનાઓની તપાસ કરતાં તેઓ સામે અગાઉ પણ ઓએનજીસીની પાઈપલાઈનમાં પંક્ચર કરી ચોરી કરવાના કારસામાં પકડાર્યાં હોવાનું માલુમ પડ્યું હતું. તે સિવાય તેમની સામે ચોરી સહિતના મામલામાં ગુના નોંધાયાં છે.

## બન્ને વાલ્વ બેસાડવાનું કામ કરતાં



ઝડપાયેલાં બન્ને આરોપીઓ મુખ્યત્વે ઓએનજીસીના પંપ પર લગાવેલાં વાલ્વમાં બીજો વાલ્વ ફિટ કરી તેમાંથી સિન્ટેક્સની ચોરસ ટાંકીઓ ભરી આપતાં હતાં. તેમજ કારબા ગાડીમાં ચઢાવવાના, સ્થળ પર ખાડો વાલ્વ સુધીનો ખાડો કરવા સહિતની કામગીરી કરતાં હતાં.તેઓને ચોરીનું ઓઈલ આગળ કેવી રીતે વેચાતું હતું તેની જાણકારી ન હોવાનું પ્રાથમિક તબક્કે તેઓ જણાવી રહ્યાં છે.

## ઈકબાલ- ઈમ્તિયાઝ પકડાય તો આગળની લિંક મળે

સમગ્ર કારસાના મુખ્ય સુત્રધાર ઈકબાલ તેમજ ઈમ્તિયાઝ હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું હતું. તેઓ વિરૂદ્ધ અગાઉ પણ ગુનાઓ નોંધાયાં છે. ત્યારે તેઓની ધરપકડ થાય તો તેઓ પાઈપ લાઈન પંક્ચર કર્યાં બાદ ઓઈલ કોને વેચતાં હતાં તે સહિતની આગળની આખી લીંકનો ઘટસ્ફોટ થઈ શકશે.

## આરોપીઓએ ત્રણેકવારમાં 10 હજારથી વધુ લીટર ઓઈલ ચોરી કર્યું

આરોપીઓના પ્રાથમિક નિવેદન મુજબ તેમણે બેથી ત્રણવાર ઓઈલ ચોરી કરી અંદાજે 10 હજારથી વધુ લીટર ઓઈલ ચોરી કર્યું છે. જોકે, હાલમાં ઓએનજીસીના સંલગ્ન અધિકારીઓનો સંપર્ક કરી તેમનું કેટલી માત્રામાં અને કેટલી મત્તાનું ઓઈલ ચોરી થયું તેની વિગતો મેળવવાશે. જેના આધારે આગળની કાર્યવાહી થશે. » એ. એ. ચૌધરી, પીઆઈ, એસઓજી ભરૂચ

**DATE: 12/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT MITRA PAGE-08**

# નેત્રંગના કવચીયામાં સટ્ટા બેટિંગના આંકડા લખતો શખ્સ ઝડપાયો

નેત્રંગ: નેત્રંગ પોલીસ સ્ટેશનના જમાદાર રાજેશભાઈ ગવલીયાભાઈ વસાવા તેમજ સ્ટાફ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખાનગી વાહનમાં પેટ્રોલિંગમાં હતા. કવચીયા ગામે આવતા બાતમી મળી હતી કે, કવચીયા ગામે પટેલ ફળિયામાં રહેતો દલસુખ રૂપસીંગ નગરિયા વસાવા પોતાના ઘરની આગળના ભાગે આવેલી ખુલ્લી અડાળીમાં ખાટલા ઉપર બેસી જાહેરમાં ગેરકાયદે આંક ફરકના આંકડા લખી પૈસાની લાગ લગાવી હારજીતનો જુગાર રમી રમાડે છે. આથી બાતમીના આધારે રેડ કરાતાં આંકડા લખેલા ચીઠ્ઠા તેમજ અંગજડતીમાંથી રોકડા રૂ.૧૧૩૦ના મુદ્દામાલ સાથે ઝડપાઈ ગયો હતો. એ સાથે જુગાર ધારા એક્ટ હેઠળ કાર્યવાહી કરી છે.

### ભરૂચ પોલીસે વિજયાદશમીની ઉજવણી કરી : શસ્ત્રાગારમાં પ્રાચીન અને આધુનિક હથિયારોનો સંગ્રહ

# પિસ્તોલથી લઇ ઇન્સાસ સુધીના હથિયારોનું પૂજન

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ પોલીસના શસ્ત્રાગારમાં એક સમયે એક રાઉન્ડ અને એક સમયે સેંકડો રાઉન્ડ ફાયરિંગ કરી શકે તેવા પ્રાચીનથી લઈ આધુનિક હથિયારો હયાત છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ કાળી તલાવડી સ્થિત પોલીસ હેડકવાટર્સ ખાતે વિજયાદશમીના દિવસે શસ્ત્રપુજન કરાયું હતું.

એસપી મયુર ચાવડાના હસ્તે શસ્ત્રો,અશ્વદળ અને શ્વાનનું પૂજન કરવામાં આવ્યું હતું..ભરૂચ પોલીસ હેડ ક્વાટર્સ ખાતે વર્ષો પુરાણી જૂની રિવોલ્વર આજે પણ હયાત છે. સમયની સાથે હથિયારોમાં પણ બદલાવ આવ્યો હોવાથી પોલીસ પણ આધુનિક શસ્ત્રો ધારણ કરી રહી છે. પોલીસના શસ્ત્રાગારમાં ઈન્સાસ સહિતની આધુનિક રાયફલો અને બંદૂક હયાત છે. દર વર્ષે વિજયાદશમીના દિવસે શસ્ત્રોને શસ્ત્રાગારમાંથી બહાર કાઢી તેની પૂજા કરવામાં આવે છે. બ્લોક પિસ્તોલ,એમપી 5 ઓટોમેટિક વેપન, એસએલઆર, ઈન્સાસ, એ સાઈજી, પમ્પ એક્શન ગન,સ્લટ સહિતના હથિયારોની પૂજા કરવામાં આવી હતી. ડીવાયએસપી ગાંગુલી, એલસીબી પીઆઈ મનીષ વાળા સહિતના અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહયાં હતાં.







## લોકોની સલામતી માટે પોલીસ સજ્જ

પોલીસ પરિવાર શસ્ત્રોની મદદથી સમાજમાં અશાંતિ ફેલાવનારા તત્વો ઉપર વિજય મેળવી લોકોને સુરક્ષા પ્રદાન કરવા શક્તિ અને મનોબળ મળી રહે છે.આવનારા દિવસોમાં દેશ અને જિલ્લામાં શાંતિ પૂર્ણ માહોલ બની રહે તેવી પ્રાર્થના કરવામાં આવી છે. » મયુર ચાવડા, એસપી, ભરૂચ